# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day :MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PREZ-PADMA AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં પ્રથમ નાગરિક સન્માન સમારોહમાં પદ્મ પુરસ્કારો એનાયત કરશે. સમારોહમાં, રાષ્ટ્રપતિ 2 પદ્મ વિભૂષણ, 6 પદ્મ ભૂષણ અને 58 પદ્મશ્રી સહિત 66 પદ્મ પુરસ્કારો એનાયત કરશે. બાકીના પદ્મ પુરસ્કારો પછીથી યોજાનાર નાગરિક સન્માન સમારોહના બીજા તબક્કામાં અપાશે.

આ વર્ષે ગુજરાતી કલાકાર અરવિંદ વૈદ્ય, નિલેશ માંડલેવાલા, રતિલાલ બોરીસાગર, ધાર્મિકલાલ પંડ્યા, મીર હાજી કાસમ સહિતના ગુજરાતના મહાનુભાવોની પદ્મશ્રી માટે પસંદગી કરાઇ છે.

# DISTRICT PRAMUKH

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે રાજેશકુમાર પટેલને જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે ભરત ચૌધરીએ પદગ્રહણ કર્યું. દરમિયાન આજે અમદાવાદ મહાનગરપાલિકામાં આજે સ્થાયી સમિતિના સભ્યો માટે ઉમેદવારી પત્રો ભરાશે. ભાજપ દ્વારા 30 સભ્યોને ફોર્મ ભરવા માટે ટેલિફોનિક સૂચના આપવામાં આવી છે. જે 30 સભ્યો ફોર્મ ભરશે તેમાંથી સ્ટેન્ડિંગ ચેરમેન સહિત 12 સભ્યો નક્કી કરવામાં આવશે. મેયર સહિતના પદાધિકારીઓની ચૂંટણી માટે આવતીકાલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સામાન્ય સભા બોલાવવામાં આવી છે.

# FUEL PRICE HIKE

પેટ્રોલના ભાવમાં આજે પ્રતિ લિટર 2 રૂપિયા 61 પૈસા જ્યારે ડીઝલના ભાવમાં 2 રૂપિયા 71 પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. બે અઠવાડિયામાં આ ચોથો વધારો છે. આ વધારા સાથે, દિલ્હીમાં પેટ્રોલ હવે 102 રૂપિયા 12 પૈસા પ્રતિ લિટર થશે, જ્યારે ડીઝલ હવે 95 રૂપિયા 20 પૈસા પ્રતિ લિટર થશે.

# ARVALLI AAG

અરવલ્લી જિલ્લામાં આ વર્ષે આગની ઘટનાઓમાં વધારો નોંધાયો છે.વર્ષ 2025 માં આગની ઘટનાઓની સંખ્યા 35 હતી, જે ચાલુ વર્ષે વધીને આંકડો 54 થઈ છે. આ સાથે જ રેસ્ક્યુના 31 કૉલ મળ્યા હતા, જ્યારે પાંચ જેટલી મોક ડ્રીલ અને બે તાલીમ યોજવામાં આવી હતી. આ અંગે મોડાસા નગરપાલિકાના ફાયર અધિકારી હેમરાજસિંહ વાઘેલાએ વધુ માહિતી આપી.

**(બાઈટ : હેમરાજસિંહ વાઘેલા, ફાયર અધિકારી)**

# RAJKOT GONDAL ACCIDENT

રાજકોટમાં એક માર્ગ અકસ્માતમાં બે મહિલાના મોત થયાનાં અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, એક ખાનગી બસમાં 62 જેટલા શ્રદ્ધાળુઓ આજે વહેલી સવારે વિવિધ ધાર્મિકસ્થળોના દર્શન કરીને પરત આવી રહ્યા હતા. દરમિયાન ગોંડલના વોરાકોટડાથી બાંદરા જવાના માર્ગ પર સામેથી એક ટ્રક આવતા બસચાલકે કાબૂ ગુમાવતા બસ ઊંડા ખાડામાં પલટી ગઈ હતી. તેના કારણે બે મહિલાનાં મોત નીપજ્યા હતા.

આ અંગેની જાણ થતાં વોરાકોટડા અને દેવચડી ગામના યુવાનો, ગોંડલ નગરપાલિકા અને સામાજિક સંસ્થાની એમ્બુલન્સના કાફલાએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ ખસેડ્યા હતા.

# NIFT DAMAN

કેન્દ્રસાસિત પ્રદેશ દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેક્નોલૉજી – NIFT દ્વારા ગ્રેજ્યુએશન શૉ યોજાયો. આ પ્રસંગે યોજાયેલા પ્રદર્શનીમાં ટેક્સટાઇલ ડિઝાઇનના વિદ્યાર્થીઓએ તેમણે ગત છ મહિનામાં તૈયાર કરાયેલા વિકસિત ડિઝાઈન સંગ્રહ રજૂ કર્યા. જ્યારે MFMના વિદ્યાર્થીઓએ માર્કેટિંગ, રિટેલ વ્યૂહરચના અને આંતરરાષ્ટ્રીય વેપાર પર કેન્દ્રીત ઉદ્યોગ અને સંબંધિત પરિયોજનાનું પ્રદર્શન કર્યું હતું. આ અંગે NIFT દમણના ડિરેક્ટર સંજય શ્રીવાસ્તવે વધુ માહિતી આપી.

(BYTE: SANJAY SRIVASTAV, DIRECTOR, NIFT DAMAN)

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચાર દિવસ ગરમી યથાવત્ રહેવાની સંભાવના છે. ત્યારબાદ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ ઘટી શકે છે. જોકે, આ સમયગાળામાં હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમીનું યલો અલર્ટ જાહેર કર્યું છે.

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ, ગાંધીનગર અને સુરેન્દ્રનગરમાં નોંધાયું. જ્યારે કંડલા વિમાનમથક, અમરેલી, ભાવનગર, રાજકોટ અને વલ્લભવિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ તેમજ આ સિવાયના શહેર અને જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને તેનાથી ઓછું રહ્યાના અહેવાલ છે.

# MEHSANA MARKET

મહેસાણા જિલ્લાના ઊંઝા માર્કેટયાર્ડમાં ભાવમાં વધઘટ જોવા મળી રહી છે. આજે જીરુની 12 હજાર બોરીની આવક નોંધાઇ હતી.જેનો ભાવ રૂપિયા 3600 થી 4000 સુધીનો રહ્યો.જ્યારે વરિયાળીની આવક 4 હજાર બોરીની નોંધાઇ જેનો ભાવ રૂપિયા 2000 થી 7000 સુધી રહ્યો. ઇસબગુલનો ભાવ રૂપિયા 2500 થી 2900 સુધી રહેતા તેની 8 હજાર બોરીની આવક નોંધાઇ.